જન્મદિને વધામણી

નયનાબેન પંકજભાઈ દેસાઈ
નિવૃત્ત શિક્ષક, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, ગાંધીનગર
મો. ૯૮૯૮૭ ૧૫૭૮૨

મેહુલ વ્યાસ
પત્રકાર
ગુજરાત સમાચાર, ગાંધીનગર
મો. ૯૯૯૮૪ ૫૨૯૯૯

ડી પી મોદી
મો. ૯૯૦૯૯ ૩૧૮૨૪

કિરણ એ ગોર
મો. ૯૪૨૬૭ ૪૯૯૭૪

નિરાલી મુકેશકુમાર દવે

નેન્સીબેન દિપકભાઈ વાઘેલા

ભક્તિ ચિરાગ મિસ્ત્રી

રાજ્યકક્ષાની રોલબૉલ સ્કેટિંગમાં જે બી પ્રાથમિક શાળા ઝળકી

ગાંધીનગર, તા. ૨૮

રાજ્યકક્ષાની રૉલબૉલ સ્કેટિંગ સ્પર્ધા નડિયાદ ખાતે યોજવામાં આવી હતી, જેની ટીમમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થી ક્રિષ્ના પરબતસિંહ ચંડીસરા અને પૃથ્વીરાજ દિપકસિંહ રાણાની પસંદગી કરવામાં આવી હતી.

આ બંને વિદ્યાર્થીઓએ સુંદર ખેલપ્રદર્શન કર્યું હતું. આ પૈકી ક્રિષ્ના ચંડીસરાની પસંદગી રોલબોલ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા ૧૪ સબ્ટેમ્બરથી ૧૬ સપ્ટેમ્બરના રોજ પૂના ખાતે યોજાયેલી નેશનલ કક્ષાની સ્પર્ધા માટે કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં ક્રિષ્નાએ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી સમગ્ર દેશમાં રાજ્ય, શાળા તથા ગાંધીનગરનું નામ રોશન કર્યું છે.

આચાર્ય નીવાબેન પટેલે આ અસાધારણ સફળતા બદલ ક્રિષ્નાને સમગ્ર શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

પી કે ચૌધરી આર્ટ્સ કૉલેજમાં જ્ઞાનધારા અંતર્ગત કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૮

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં ચાલતી સપ્તધારા અંતર્ગત જ્ઞાનધારા અન્વયે અનુસ્નાતક કેન્દ્રમાં ડૉ. ચિમનભાઈ પટેલ (પ્રૉફેસર, ગુજરાતી ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ)નું તુલનાત્મક સાહિત્ય પર કૃતિલક્ષી અભ્યાસ - 'આરણ્યક' અને 'અરવલ્લી'નો રસાસ્વાદ વિષયે વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સંસ્થાનાં પ્રિન્સિપાલ ડૉ. ઊર્મિલાબેન ચૌધરી, પીજી ઇન-ચાર્જ ડૉ. લીના સ્વાદિયા અને પ્રા. મુન્નાબેન ચૌધરી ઉપસ્થિત રહ્યાં હતાં.

આરણ્યક અને અરવલ્લીની તુલના કરી વક્તાએ વિદ્યાર્થિનીઓને કૃતિઓનો સાયંત રસાસ્વાદ કરાવ્યો હતો. મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વિદ્યાર્થિનીઓએ આ કાર્યક્રમનો આસ્વાદ માણ્યો હતો.

ઍક્સ સર્વિસમૅન ઍસો. દ્વારા બીજીએ ગાંધીનગર મૅડિકલ કૉલેજ વિસ્તારમાં સફાઈ અભિયાન યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૮

ધી ગાંધીનગર ઍક્સ સર્વિસમૅન વૅલફેર ઍસોસિએશન, ગાંધીનગર દ્વારા ગાંધીનગર મૅડિકલ કૉલેજના વિસ્તારમાં સફાઈ અભિયાન હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં ઍસોસિએશનના પ્રમુખ મધુ પી નાયરે જણાવ્યું છે કે મૅડિકલ કૉલેજના ડીનનો સંપર્ક કરી બીજી ઑક્ટોબરના રોજ સવારે ૮.૩૦થી ૧૧.૦૦ કલાક દરમિયાન આ અભિયાન યોજવાની સંમતિ મેળવી લેવામાં આવી છે.

ગાંધીનગર ઍક્સ સર્વિસમૅન વૅલફેર ઍસોસિએશનના સભ્યોને આ અભિયાન હેતુ મૅડિકલ કૉલેજ પરિસર ખાતે સવારે ૮ કલાકે ઉપસ્થિત રહેવા તેમના દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

કેઍસવી પત્રકારત્વ વિભાગના વિદ્યાર્થીઓ ગાંધીજી અંગેના વિશેષ કાર્યક્રમમાં સાજેદાર

ગાંધીનગર, તા. ૨૮

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત પત્રકારત્વ વિભાગના વિદ્યાર્થીઓએ ગુરુવારે એક વિશેષ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. દૂરદર્શન કેન્દ્ર, દિલ્હી દ્વારા સાબરમતી આશ્રમ ખાતે કાર્યક્રમ 'મહાત્મા ગાંધીની સુસંગતતા' રૅકોર્ડ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમ ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ પ્રસારિત કરવામાં આવશે. મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત ગુજરાત વિદ્યાપીઠના જાણીતા ગાંધીવાદી અને પૂર્વ વાઈસ ચાન્સેલર ડૉ. સુદર્શન આયંગર, ગાંધીનગરના રિઝવાન કાદરી, વરિષ્ટ પત્રકાર અને ગાંધી એક ખોજ પુસ્તકના લેખક દેવેન્દ્ર પટેલ, મહાત્મા : અ ગ્રેટ કમ્યુનિકેટર પુસ્તકના લેખક ધીરજ કાકડિયા પૅનલિસ્ટ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ ઈન્ટરેક્ટિવ પ્રોગ્રામમાં ભાગ લેવા અને પૅનલિસ્ટને પ્રશ્નોત્તરી અને ઈવેન્ટને ગતિશીલ બનાવવા માટે વિવિધ કૉલેજોના યુવા વિદ્યાર્થીઓ તથા ફૅકલ્ટીઝને આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ગાંધીજી અને નરેન્દર મોદીના હમશકલોએ પ્રેક્ષકોને આકર્ષિત કર્યા હતા.

કાર્યક્રમ અંતર્ગત ગાંધીજીના સિદ્ધાંતો જીવનમાં કેવી રીતે ઉતારવા એ વિષયે યુવા વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી.

બીબીએ કોલેજ દ્વારા "બર્ન યોર કેલરી બટ નોટ ફ્યુઅલ" સોશિયલ પ્રોજેક્ટનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૨૮

આજરોજ તારીખ ૨૮-૦૯-૨૦૧૮ના રોજ "સર્વ વિદ્યાલય કેળવણી મંડળ" સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલયની બીબીએ કોલેજ દ્વારા સોશિયલ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો. આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ પેટ્રોલ તેમજ ડીઝલનો વપરાશ ઘટાડવો, વાતાવરણમાં સુધારો લાવવો તેમજ વિદ્યાર્થીઓના તંદુરસ્ત આરોગ્ય કેળવવું વગેરે હતો.પ્રોજેક્ટના મુખ્ય હેતુઓને ધ્યાનમાં રાખી કોલેજના આશરે ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ આજે સાઈકલ લઈને કોલેજ આવ્યા હતા. કોલેજના તૃતીય વર્ષમાં ભણતા વિદ્યાર્થીઓ દ્વારા આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે "બર્ન યોર કેલરી બટ નોટ ફ્યુઅલ" વિષયલક્ષી નિષ્ણાંત વ્યક્તવ્ય પણ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યક્તવ્યના પ્રસંગે કોલેજ ના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટિએ મહેમાનોને આવકાર્ય હતા તેમજ વિદ્યાર્થીઓને સાયકલીંગ કરવાના આરોગ્યલક્ષી ફાયદાઓ વિશેની જીણવટ ભરી ચર્ચા કરી હતી તેમજ પ્રોજેક્ટ વિષે વિદ્યાર્થીઓમાં જાગૃતતા ઉભી કરી હતી. પ્રસંગના મુખ્ય અતિથી તરીકે પધારેલા "નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર" ના ટ્રસ્ટીશ્રી તેમજ સમાજ સેવક મુરબ્બી શ્રી ડૉ. અનિલભાઈ પટેલ એ વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું હતું કે "દરેક વિદ્યાર્થીઓએ સાયકલીંગની આદત કેળવવી જોઈએ તેમજ દરેક વ્યક્તિને તંદુરસ્ત આરોગ્ય માટે કેટલા પ્રમાણમાં શરીરમાં કેલરીની જરૂર છે તેમજ વધારાની કેલરી કેવી રીતે ઘટાડી શકાય છે" તે ઊંડાણ પૂર્વક વિષયલક્ષી માર્ગદર્શન આપેલ હતું. તેઓ શ્રીએ સફળ વ્યક્તિઓના દ્રષ્ટાંતો લઈને વિદ્યાર્થીઓને આરોગ્ય, પર્યાવરણ અને ફ્યુઅલનો બચાવ કેવી રીતે કરવો તેમજ સમગ્ર દેશની અસ્મિતાને અખંડિત રાખવી તેની ભલામણ કરી હતી. કાર્યક્રમના બીજા વ્યક્તા ડૉ. રાહુલ કે જેઓ સ્વર્ણિમ ગુજરાત યુનીવર્સીટીમાં પ્રાધ્યાપક તરીકે સેવા બજાવી રહ્યા છે તેમજ કબડ્ડી કોચ છે તેમજ કબડ્ડી રમતના નેસનલ પ્લેયર રહી ચુક્યા છે તેમણે સારી તંદુરસ્તી માટે સમતોલ કેલરી જાળવવા અંગેનું માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના ત્રીજા વ્યક્તા શ્રી જયદેવ દેસાઈ કે જેઓ શ્રી પણ સ્વર્ણિમ ગુજરાત યુનીવર્સીટી ના પ્રાધ્યાપકશ્રી તરીકે ની ફરજ બજાવે છે તેમજ વોલીબોલ ગેમમાટે નેશનલ પ્લેયર તરીકેની નામના મેળવી છે તેમણે પણ વિદ્યાર્થીઓ ને પ્રોત્શાહિત કરતા જણાવ્યું હતું કે "સાયકલ લઈને આવવું એ ક્ષોભ ની વસ્તુ નથી પરંતુ આપના શરીરનો એક મોભો છે કે આપણે આપણી તંદુરસ્તી માટે જાગૃત્ત છીએ.

કોલેજ ના તૃતીય વર્ષના વિદ્યાર્થી રવિ શરન, કાર્તિક, યશ પ્રજાપતિ, અમલ નીકોલખન, જીગીશ ગજ્જર, રિયા ભટ્ટ, તેમજ પરમ ગજ્જર વગેરે આ પ્રોજેક્ટના મુખ્ય સુત્રધાર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા તમામ કોલેજ પરિવાર, વિદ્યાર્થીઓએ ખુબ જ મહેનત કરી હતી.

જીઈબી સરકારી પ્રાથમિક શાળા ખાતે તરૂણીઓ માટે જાગૃતિ શિબિર યોજાયો

ગાંધીનગર, તા. ૨૮

સરકારી પ્રાથમિક શાળા, જીઈબી ખાતે સેવાકુંજ ચેરીટેબલ ટ્રસ્ટ, ઓએનજીસીના સહયોગથી પ્રોજેક્ટ તરૂણી જાગૃતિ શિબિર યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં બ્લોક કો-ઓર્ડિનેટર દિપીકાબેન રાવલે બાળાઓને સુંદર બાળફિલ્મ બતાવી અને સાપસીડી ગેમ રમાડી હતી. તરૂણીઓને પડતી મુશ્કેલીઓ અને તેના સમાધાન અંગે તેમણે વિગતે સમજ આપી હતી. આ પ્રોજેક્ટ હેઠળ તમામ તરૂણીઓને સૅનીટરી પેડનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

આ માસમાં સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી અંતર્ગત પ્રભાત ફેરી, શાળા સફાઈ, ચિત્ર-વક્તૃત્વ સ્પર્ધા, બાળકોનાં રહેઠાણ પાસે જઈ શેરીનાટક, સ્વચ્છતા રાખવાના શપથ, શિક્ષણવિદ લીનાબેન સ્વાદિયાનું વ્યાખ્યાન વગેરે કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. ધોરણ-૬થી ૮ના વિદ્યાર્થીઓ માટે નિબંધ લેખન, ચિત્ર હરિફાઈ યોજવામાં આવી હતી, જેમાં આશા ઠાકોર, સોનલ મકવાણા, કર્ણ ગોહિલ, ઈશા ગોહિલ, જાગૃતિ ઠાકોરે ઇનામો જીત્યાં હતાં. ભાગ લેનારાં તમામ બાળકોને પ્રોત્સાહક ઇનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

'મેઘાણીગાથા'ની સચિત્ર રંગીન આવૃત્તિ પ્રગટ થઈ

ઝવેરચંદ મેઘાણીના જીવન અને કાર્યથી નવી પેઢી પરિચિત અને પ્રેરિત થાય તે હેતુથી આ પુસ્તક શાળા, કોલેજ અને ગ્રંથાલયમાં ભેટ આપવાની ભાવના છે : પિનાકી મેઘાણી

ગાંધીનગર, તા. ૨૮

મહાત્મા ગાંધીએ જેમને 'રાષ્ટ્રીય શાયર'ના ગૌરવપૂર્ણ બિરૂદથી નવાજ્યા હતા તેવા સમર્થ સાહિત્યકાર, લોકસાહિત્યના સશોધક, સ્વાતંત્ર્ય-સેનાની અને સંનિષ્ઠ પત્રકાર ઝવેરચંદ મેઘાણીના જીવન અને કાર્યને આલેખતું પુસ્તક 'મેઘાણીગાથા : રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનું જીવન-વૃત્તાંત'ની સચિત્ર રંગીન આવૃત્તિ પ્રગટ થઈ છે.

૨૮ ઑગસ્ટ ૧૮૯૬નાં રોજ ચોટીલા ખાતે જન્મથી શરૂ કરીને ૯ માર્ચ ૧૯૪૭એ બોટાદ ખાતે નિધન સુધી ઝવેરચંદ મેઘાણીના જીવનની મહત્વની ઘટનાઓનું અધિકૃત આલેખન, દુર્લભ તસ્વીરો સાથે, આ ૪૮-પાનાંનાં પુસ્તકમાં કરાયું છે. મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, કવિવર રવીન્દ્રનાથ ટાગોર, મૂકસેવક રવિશંકર મહારાજ સાથે ઝવેરચંદ મેઘાણીનાં સંભારણાંનો ખાસ ઉલ્લેખ કરાયો છે. લ્લકસુંબીનો રંગ', લ્લકોઈનો લાડકવાયો', 'છેલ્લો કટોરો', 'છેલ્લી પ્રાર્થના', 'મન મોર બની થનગાટ કરે', 'ચારણ-કન્યા' જેવાં લોકપ્રિય કાવ્યોની રચના પાછળની રોચક કથાનું નિરૂપણ કરાયું છે. 'સૌરાષ્ટ્રની રસધાર', 'સોરઠી બહારવટિયા', 'રઢિયાળી રાત', 'સિંધુડો', 'માણસાઈના દીવા', 'સમરાંગણ', 'પ્રતિમાઓ' – 'પલકારા', 'કુરબાનીની કથાઓ' જેવી તેમની જાણીતી કૃતિઓ વિશે પણ રસપ્રદ માહિતી આપવામાં આવી છે. સહુપ્રથમ વખત ગુજરાતી સાહિત્યકાર વિશે આવું રસપ્રદ-માહિતીસભર સચિત્ર રંગીન પુસ્તક પ્રગટ થયું છે તેવી લોકલાગણી છે.

'મેઘાણીગાથા' પુસ્તકનું પ્રેરણાદાયી આલેખન-સંકલન રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પૌત્ર, ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક અને www.jhaverchandmeghani.com વેબસાઈટના પ્રણેતા પિનાકી નાનકભાઈ મેઘાણીએ કર્યું છે. ઝવેરચંદ મેઘાણીની સ્મૃતિને જીવંત રાખવા અને એમનાં જીવન, કાર્ય અને સાહિત્યના પ્રચાર-પ્રસારની વિવિધલક્ષી પ્રવૃત્તિઓને વેગ આપવા તથા નવી પેઢીમાં દેશભક્તિની ભાવના અને જીવન-મૂલ્યોનું સંસ્કાર-સિંચન થાય માટે પિનાકી મેઘાણી સવિશેષ પ્રયત્નશીલ અને કાર્યરત છે. આ અગાઉ ચાર પુસ્તકો 'કસુંબીનો રંગ' (ઝવેરચંદ મેઘાણીનાં ૧૩૫ ચૂંટેલા સ્વરચિત ગીતો અને સંપાદિત લોકગીતો-ભજનો), 'ઘાયલ મરતા મરતા રે, માતની આઝાદી ગાવે' (ઝવેરચંદ મેઘાણીનાં ચૂંટેલાં શૌર્ય તેમજ દેશપ્રેમનાં ગીતો), 'બાપુ, તમે ક્યાં છો?' (મહાત્મા ગાંધીને સંબોધીને બાળકોએ લખેલા પત્રો), **'Jhaverchand Meghani : A Legendary Gujarati Litterateur and Freedom Fighter'** (અંગ્રેજીમાં પરિચય-પુસ્તિકા) તથા ત્રણ મ્યુઝીક સીડી 'કસુંબીનો રંગ', 'ઘાયલ મરતા મરતા રે, માતની આઝાદી ગાવે', 'રઢિયાળી રાત'નું સંકલન પણ પિનાકી મેઘાણીએ કર્યું છે જે ખાસ ઉલ્લેખનીય છે.

ઝવેરચંદ મેઘાણીના જીવન અને કાર્યનાં સંશોધન માટે પિનાકી મેઘાણી અને પ્રાધ્યાપક રહી ચૂકેલા તેમનાં માતા કુસુમબેન મેઘાણીએ સઘન પ્રવાસ કર્યો છે. કુસુમબેન મેઘાણી ઉપરાંત જૈન મુનિ યશેશયશ મ.સા., લોકગાયક અભેસિંહભાઈ રાઠોડ, લોકગાયક નીલેશભાઈ પંડ્યા, ખાદી ક્ષેત્રના અગ્રણી ગોવિંદસંગભાઈ ડાભીનો લાગણીભર્યો સાથ પ્રાપ્ત થયો છે. ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન દ્વારા પ્રકાશિત આ પુસ્તકનું મુદ્રણ નવજીવન ટ્રસ્ટએ કર્યું છે. સુઘડ સચિત્ર રંગીન મુદ્રણ માટે અપૂર્વભાઈ આશર, કિરણભાઈ શાહ, જયેશભાઈ પાટડીયા, વિક્રમભાઈ મકવાણાએ જહેમત ઉઠાવી છે. ઝવેરચંદ મેઘાણીના જીવન અને કાર્યથી નવી પેઢી પરિચિત અને પ્રેરિત થાય તે હેતુથી આ પુસ્તક શાળા, કોલેજ, ગ્રંથાલયમાં ભેટ આપવાની ભાવના છે તેમ પિનાકી મેઘાણી (મો. ૯૮૨૫૦૨૧૨૭૯)એ જણાવ્યું છે.

તાલુકા વિજ્ઞાન-ગણિત પ્રદર્શનમાં આર એન પટેલ સ્કૂલની સાજેદારી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર તાલુકાકક્ષાએ જવાહર નવોદય વિજ્ઞાન-ગણિત પ્રદર્શન-૨૦૧૮નું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું, જેમાં શ્રીમતી આર એન પટેલ પ્રાઈમરી સ્કૂલના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.

વિદ્યાર્થીઓમાં શાળા કક્ષાએથી જ વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તથા તેમનામાં રહેલી સર્જનાત્મક, અવલોકનશક્તિ, તર્કશક્તિ તથા જૂથકાર્ય કરવાની ક્ષમતા કેળવાય તે હેતુસર શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને આ કૃતિઓ તૈયાર કરવા જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

સંસાધનો અને વ્યવસ્થાપન વિભાગમાં 'સ્માર્ટ સોસાયટી' કૃતિ, હેતલબેન વાય પટેલના માર્ગદર્શનમાં રોશન પટેલ અને શુભમ પ્રજાપતિ દ્વારા, કચરાનું વ્યવસ્થાપન વિભાગમાં 'વેસ્ટ વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ' કૃતિ અશોકભાઈ એસ પટેલના માર્ગદર્શનમાં હેલી સુથાર અને યામી ચૌધરી દ્વારા તથા પરિવહન અને પ્રત્યાયન વિભાગમાં 'મોબાઈલ ઓપરેટેડ ડિફેન્સ સિસ્ટમ' કૃતિ પારૂલબેન એ પટેલના માર્ગદર્શનમાં ગર્વ પટેલ અને કુંજન મિસ્ત્રી દ્વારા પ્રસ્તુત કરવામાં આવી હતી.

આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક શિક્ષકોને આ પ્રદર્શનમાં સક્રિય સાજેદારી બદલ બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

દિલ્હી પબ્લિક સ્કૂલ દ્વારા પ્રવાસન દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૮

દિલ્હી પબ્લિક સ્કૂલ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે વિશિષ્ટ પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ વિવિધ રાજ્યોનાં વસ્ત્રો પરિધાન કરીને જે તે રાજ્યના પર્યટન સ્થળની ઝાંખી કરાવી હતી.

શાળઆના ઉચ્ચતર વિભાગ દ્વારા ગુજરાતનાં હૅરિટેજ સ્થળોની વિશેષતા તથા તેના ઈતિહાસ વિષયે પ્રશ્નોત્તરીનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે આચાર્ય અતનુ રથ દ્વારા પ્રવાસનનું મહત્ત્વ ઉજાગર કરતું અસરકારક વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

સે. ૨૪/૧ પ્રાથમિક શાળામાં ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન

ગાંધીનગર, તા. ૨૮

સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૨૪/૧ ખાતે ગુરુવારે ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

ગાંધીનગર શહેર વિસ્તારની કુલ ૩૫ શાળાઓએ આ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. ગાંધીનગર શહેર વિસ્તારનાં બાળ વૈજ્ઞાનિકો દ્વારા પાંચ વિભાગોમાં સરકારી પ્રાથમિક શાળાની ૩૧ કૃતિઓ અને ખાનગી પ્રાથમિક શાળાઓની ૩૩ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શનમાં કુલ ૧૨૮ વિદ્યાર્થીઓ તેમજ ૬૪ શિક્ષકોએ ભાગ લીધો હતો તેમજ અન્ય ૬ શાળાઓનાં ૨૪ શિક્ષકો અને ૪૭૧ બાળકોએ મુલાકાત લીધી હતી.

કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા બાળકોને ઇનામો આપવામાં આવ્યાં હતાં. મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર, જિલ્લા પ્રાથમિક શાસનાધિકારી છાયાબેન રાવલ, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી-મધ્યાહ્ન ભોજન યોજના, નિવૃત્ત આચાર્ય તથા સૅક્ટર-૨૪ના કૉર્પોરેટર્સે ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આચાર્ય વિપુલકુમાર બ્રહ્મભટ્ટ અને શાળા પરિવાર દ્વારા કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.